# સે-૧૬ કેપીટલ ગેસ્ટ હાઉસમાં અસામાજીક તત્વો દ્વારા તોડફોડ











ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સ્થિત આવેલ કેપીટલ ગેસ્ટ હાઉસ અને દાદીસા રેસ્ટોરન્ટમાં કેટલાક તત્વોએ તોડફોડ કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. હોટલના પાર્ટનર પર હુમલો અને તોડફોડ અંગે આક્ષેપ કરાયો છે કે રૂમ લેવા માટે કોઈ જમાદાર અધિકારી સાથે પરત ફર્યા હતા. ત્યારબાદ પાંચ જેટલા શખ્સોએ ગેસ્ટ હાઉસ માલિકને પોલીસને કેમ રૂમ આપતા નથી કહી હુમલો કર્યો હતો. જેને પગલે હોટલ માલિકે ચાર શખ્સો સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

બનાવની મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં રહેતા મહેશભાઈ ચૌધરી (ઉં.વ.૪૫) ભાગીદારો સાથે સેકટર-૧૬ માં હોટલ દાદીસા અને કેપીટલ ગેસ્ટ હાઉસ ચલાવે છે. સે-૨૧ પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં કેપીટલ ગેસ્ટ હાઉસના રૂમ બોયનો ફોન આવ્યો હતો. જેનો સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના જમાદાર સાથે વાત કરાવી હતી. જમાદારે બહારથી આવેલા પોલીસ અધિકારીને રહેવા માટે સગવડ કરવાની વાત કરતા તેમણે ઓફિસ બોય ને એક હજારના બે રૂમ આપવાનું કહ્યું હતું. પરંતુ જમાદાર અને અધિકારી ત્યાંથી નીકળી ગયા હતા. ત્યારબાદ ફરીયાદમાં જણાવ્યા મુજબ ગણતરીના મિનિટોમાં ઓફિસ બોયનો ફોન ફરીવાર આવ્યો હતો. અને કહ્યું હતું કે કેટલાક શખ્સો ગેસ્ટ હાઉસમાં બિભત્સ શબ્દો બોલે છે. જેને પગલે ફરીયાદી ત્યાં પહોચતા તેમાં રહેલા એક શખ્સે હું કોલવડાનો છું અને તમે પોલીસના પૈસા કેવી રીતે માંગો છો અને રહેવા માટે રૂમ કેમ આપતા નથી કહી ચાર જેટલા શખ્સોએ ફરીયાદી પર હુમલો કરીને ધમકી આપતા જણાવ્યું હતુ કે પોલીસ સાથે કોઈ માથાકુટ કરી તો જીવતા નહી જવા દઈએ. ત્યારબાદ ફરીયાદી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ગયા હતા તે સમયે શખ્સોએ કેપીટલ ગેસ્ટ હાઉસના દરવાજા, કાઉન્ટર પરના કાચ, લેપટોપ, ટીવી સહિતને નુકશાન પહોંચાડ્યું હતું. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




એમ તો તમેય ક્યાં ઈસરોવાળાથી ઓછા હતા... મને ચાંદ કહેતા હતા અને ચંદ્રયાન જેટલું પેટ્રોલ તો મારા પાછળ બાળ્યું જ હતું ને...!!!

## ચિલોડા ખાતે સંગઠનપર્વ નિમિત્તે ભાજપ સદસ્યતા અભિયાન અંતર્ગત નોંધણી બેઠક



ચિલોડા, તા. ૨૩

ભાજપ રાષ્ટ્રની સલામતી, દેશનો વિકાસ સાથે સમગ્ર વિશ્વના સૌથી મોટા પક્ષનું ગૌરવ પ્રાપ્ત કરી શક્યો છે. દેશના પ્રત્યેક નાગરિક સુધી પહોંચીને લોકશાહીના મૂળ સાથે જોડાણ એટલે ભાજપ દેશની સંસ્કૃતિના હિમાયતી સલામત રાષ્ટ્ર અને સુવકસિત રાષ્ટ્રના ઈચ્છુકો વિકાસયજ્ઞમાં સક્રિયપણે જોડાવાના સંગઠન પર્વ-૨૦૧૯ સદસ્યતા અભિયાન અંતર્ગત તાલુકાના ચિલોડા ખાતે ભાજપના અગ્રણી હિતેન્દ્રભાઈ પટેલ, એસ.પી. ઠાકોર, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ સહિત સભ્યોની નોંધણી વધુમાં વધુ નાગરિકો જોડાય તેવા હેતુસર એક બેઠક યોજાઈ હતી. જેમાં ચિલોડા ગામના ભાજપના સક્રિય કાર્યકરો, સરપંચ વસુમતીબેન પટેલ, સંજય ઠાકોર, પ્રહલાદભાઈ પટેલ, રમણભાઈ પટેલ, શામળભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી સદસ્યતા અભિયાન અંગે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ હતુ. આ સાથે શિહોલી મોટી ભાજપના જિલ્લાકક્ષાના આગેવાનોની ઉપસ્થિતિમાં સદસ્યતા અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ હતી.



## છાલા શેઠ કે.એમ. સર્વોદય હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર તાલુકા છાલા સ્થિત શેઠ કે.એમ. સર્વોદય હાઈસ્કૂલમાં ફરજ બજાવતા સિનિયર ક્લાર્ક કરમશીભાઈ દેસાઈની બન્ને સુપુત્રી ચિ. એકતા દેસાઈએ ધોરણ-૧૦ અને ચિ. આરજુ દેસાઈએ ધોરણ-૧૨માં દ્વિતીય નંબર મેળવવા બદલ ગાંધીનગર તાલુકા શાળા કર્મચારી વિવિધલક્ષી સહકારી શરાફી મંડળી દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આમ ગૌરવ વધારનાર બંને તેજસ્વી તારલાઓને શાળા પરિવાર વાલીઓ, શાળાના આચાર્ય આર.એસ. ચૌધરીએ બહુમાન સાથે અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી અને ટાટા પાવર સ્કીલ્સ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ વચ્ચે કરાર

ગાંધીનગર, તા. ૨૩

શિક્ષણ અને ઉદ્યોગ બે જુદી જુદી દુનિયા છે જે અલગ અલગ ઉદ્દેશ પર કાર્ય કરે છે. બંનેના હેતુઓ અને વિચારધારાઓ એક આગવું સ્થાન ધરાવે છે. જો કે આજના સમયમાં ઝડપી ગતિથી બદલાતા ટેક્નોલોજી, ગ્લોબલ ટ્રેડ અને ડિમાન્ડને લીધે આ બંને ક્ષેત્રોને વાસ્તવિક દુનિયાના પડકારોને ઉકેલવા માટે એક સાથે આવવાની તાતી જરૂરિયાત છે.

ભારતીય ઉદ્યોગો એ સ્નાતકોની નોકરી-તૈયારી વિશે એવું માને છે કે શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓને માત્ર કલાસાસરૂમ પૂરતું ભણતર આપે છે અને તેઓ વાસ્તવિક જીવન, ઉદ્યોગોની જરૂરિયાત કોર્પોરેટ કલચર વિગેરેથી વંચિત રાખે છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રોમાં કૌશલ્ય આધારિત શિક્ષણમાં કંઈક અંશે અભાવ છે અને તેથી જ ભારતીય ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ એકસાથે આવવાની તાત્કાલિક જરૂરિયાત છે.

આ જરૂરિયાત સિદ્ધ કરવા માટે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર એ ટાટા પાવર સ્કીલ્સ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, મુન્દ્રા સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે, જ્યાં ખાસ બનાવેલ ટૂંકાગાળાના મોડ્યુલ



અભ્યાસક્રમો પ્રેક્ટિકલ સ્કિલસ પર આધારિત છે. તાલીમ આપવા માટેના ખાસ કલાસ્સ રૂમ્સ, લેબ્સ, લેટેસ્ટ ટેક્નોલોજીસનો સપોર્ટ માટે ટાટા પાવર સાથે કરાર કર્યા છે.

ટાટા પાવર સ્કિલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટના પ્રિન્સિપાલ, પ્રોફેસર સુરેન્દ્રકુમાર જણાવે છે કે, ખાસ ઔદ્યોગિક બેકગ્રાઉન્ડ ધરાવતા અનુભવી ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમો ગુણવત્તા અને ધોરણોમાં આંતરરાષ્ટ્રીય તાલીમ ડિલિવરી ધરાવે છે તેમજ ટાટા પાવર એ યુ.એસ.આઈ.ડી.-યુએસઈએ (આંતરરાષ્ટ્રીય વિકાસ માટે યુનાઈટેડસ્ટેટસ એજન્સી-યુનાઈટેડસ્ટેટ સઈવેન્ટિંગ એસોશિએશન) માટે પાવર સેક્ટરમાં તાલીમ આપી છે.

મહિન્દ્રા એન્ડમહિન્દ્રા, વોલ્ટાસ, ગોદરેજ જેવી ઘણી કોર્પોરેટ કંપનીઓએ તેમના ઈજનેરો અને ટેક્નિકલ સ્ટાફ માટે પ્રેક્ટિકલ તાલીમ ટાટા પાવર સ્કીલ્સ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, મુન્દ્રા ખાતે તાલીમ આપી હતી.

## રાજ્યના યુવા સંશોધકોને પ્રોત્સાહન આપવા ‘‘રોબોફેસ્ટ’’નું આયોજન

### ગુજકોસ્ટ દ્વારા આયોજિત રોબોફેસ્ટમાં રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી, એન્જિનીયરીંગ તથા મેથ્સના વિદ્યાર્થીઓની આંતરિક ક્ષમતા નિખારવાનો હેતુ

ગાંધીનગર, તા. ૨૩

વિજ્ઞાને આપણા જીવનને એટલું બધુ બદલી નાંખ્યુ છે કે જેની કલ્પના આપણા વડવાઓએ કરી જ નહી હોય. ટેકનોલોજીયુક્ત આધુનિકરણે વિજ્ઞાન શાખાને અર્થપૂર્ણ શોધો કરવા માટે વધુ સક્ષમ બનાવી છે જે દરેક ક્ષેત્રના સંશોધકોને નવીનતમ શોધ કરવા પ્રેરિત કરે છે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી એટલે કે ગુજકોસ્ટ દ્વારા રોબોટીક્સ ક્ષેત્રે પ્રતિભા શોધ માટે ‘‘રોબોફેસ્ટ’’નું આયોજન કરવામાં આવ્યું છે. ‘‘રોબોફેસ્ટ’’માં ભાગ લેવા માટે રસ ધરાવતા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક માર્ગદર્શન સાથે ગુજકોસ્ટની વેબસાઈટ પર માહિતી મેળવી તેનું ફોર્મ તા. ૩૧મી જુલાઈ-૨૦૧૯ પહેલા ભરી દેવાનું રહેશે.

ગુજકોસ્ટ આયોજિત ‘‘રોબોફેસ્ટ’’નો હેતુ સાયન્સ એન્ડ ટેકનોલોજી, એન્જિનીયરીંગ, મેથ્સ વગેરેના વિદ્યાર્થીઓમાં આંતરિક ક્ષમતા વિકસાવવાનો અને તેઓ જે શીખ્યાં છે તેને વાસ્તવિકતામાં રજુ કરવાની તક આપવાનો છે. આજના યુગમાં રોબોટ માલ સામાન અને સેવાઓના ઉત્પાદનમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે જે માનવીના કામના મૂલ્યમાં વધારો કરે છે. એવા રોબોટની સતત જરૂરિયાત રહે છે જે વિસ્તૃત રીતે બુદ્ધિશાળી સાધન હોવા સાથે ગમે તેવા અઘરા કામો પુરા કરવામાં માનવીનો સહભાગી બને. આ ક્ષેત્રે વિદ્યાર્થીઓને વધુ કુશળ બનાવવા ગુજકોસ્ટ દ્વારા રાજ્યના સાયન્સ, ટેકનોલોજી, એન્જિયનીરીંગ અને મેથેમેટિક્સ એટલે કે ‘સ્ટેમ’ના વિદ્યાર્થીઓમાં આંતરિક ક્ષમતાને પ્રોત્સાહિત કરે. વર્તમાન પ્રવાહને જોતા ગુજકોસ્ટ દ્વારા ‘રોબોફેસ્ટ’માં ૮ પ્રકારના રોબોટ બનાવાય તેવું જણાવ્યું છે જેમાં ચાર પગપાળો ચતુષ્કોણીય રોબોટ, ચેસ રમતો રોબોટ, ઈન્ડર વોટર રોબોટ કે સબમરીન રોબોટ, ટેબલ ટેનીસ રોબોટ, મ્યુઝિકલ ઈન્સ્ટુમેન્ટ વગાડતો રોબોટ, ૮ વ્હીલવાળો રોવોર્સ રોબોટ જેના પર કેમેરા ફીટ હોય અને તેની ઓટો મેમરી સાથે જીપીએસ સંચાલિત હોય તથા કૃત્રિમ અંગવાળો અને પેઈન્ટિંગ કરતો રોબોટનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સેક્રેટરી ધનંજય દ્વિવેદીએ જણાવ્યું છે કે ‘‘રોબોફેસ્ટ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટીકલ જાત અનુભવ દ્વારા મજા સાથે વિજ્ઞાન શીખવાનો માર્ગ છે.’’ રોબોફેસ્ટ ત્રણ સ્તરની સ્પર્ધા રહેશે જેમાં રૂ. ૧ લાખથી રૂ. ૫ લાખ તેમજ વિશેષ રીતે દરેક શ્રેણીમાંથી રૂ. ૫૦ હજારના એવોર્ડ્સ અપાશે.

## જળશકિત અભિયાનને જન આંદોલન બનાવાશે : કલેકટર

### જિલ્લાની તમામ શાળાઓમાં જળ સંરક્ષણ, વૃક્ષારોપણ અને પર્યાવરણનાં જતન માટે નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

જળ એ જીવન છે. જળનાં અમર્યાદિત ઉપયોગથી ભૂર્ગભ જળભંડારો ઉલેચાઈ રહયાં છે ત્યારે આવનારી ભવિષ્યની પેઢી માટે પાણી બચાવવું એ આપણી નૈતિક જવાબદારી છે. જેથી કુદરતનો અમૂલ્ય પ્રસાદ એવા વરસાદી પાણીને બચાવવા પાણી પહેલા પાળ બાંધી દરિયામાં વહી જતુ અટકાવવુ ખુબજ જરૂરી છે.

જિલ્લામાં બંધ પડેલા બોરવેલ, કુવા, ચેકડેમ, તળાવોમાં વરસાદી પાણીને રોકીને ભૂર્ગભમાં ઉતારવા તેમજ કરકસરભર્યો ઉપયોગ કરી પાણીને બચાવવા તમામ પ્રકારનાં પ્રયાસોમાં સહકાર આપવા જિલ્લા કલેકટરે જાહેર જનતાને અપીલ કરી છે. લાંગાએ વધુમાં જણાવ્યું છે કે જળશકિત અભિયાનમાં સરકારે પાણીના સંરક્ષણ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ અભિયાનમાં સ્થાનિક લોકોની સહભાગિતા જળશકિત અભિયાનને સાચા અર્થમાં જનઆંદોલનનું સ્વરૂપ આપશે. જળશકિત અભિયાનને પરિણામલક્ષી બનાવવા વહીવટી તંત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકભાગીદારી સાથે સઘન પ્રયાસો કરવામાં આવ્યા છે.

જન આંદોલનનાં આ જળશકિત અભિયાનને વધારે સુદ્દઢ બનાવવા ખાસ કરીને શાળા અને કોલેજનાં વિદ્યાર્થીઓની ભાગીદારી ખુબજ મહત્વની બની રહે છે. તેમના દ્વારા રેલીઓ, પ્રભાત ફેરીઓ, શેરી નાટકો, વૃક્ષારોપણ, વર્કશોપ, સેમિનાર સહિતની પ્રવૃતિઓમાં સામુદાયિક શિક્ષણની સાથે વાલીઓને પણ જોડવામાં આવ્યા છે.

તદઅનુસાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં તા. ૨૭-૭-૨૦૧૯ને શનિવારે જળ એ જીવન, જળ સંપત્તિ એ જ અમૂલ્ય સંપત્તિ, પર્યાવરણનું જતન એ આપણી ફરજ, જળ સંરક્ષણનું મહત્વ અને વૃક્ષો આપણા મિત્રો વિષય પર નિબંધ સ્પર્ધા અને તા. ૩-૮-૨૦૧૯ને શનિવારના રોજ આ જ વિષયો પર વકૃત્વ સ્પર્ધાઓ યોજવામાં આવશે. તેમજ તા. ૧૦-૮-૨૦૧૯ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. જે અંગેના પરિપત્રો દ્વારા જિલ્લાની તમામ શાળાને જાણ કરી આયોજન કરવામાં આવ્યું છે.



મેઘરાજાના રીસામણાને લીધે ચોમાસાના પ્રારંભે વરસાદ નહી થતાં ચિલોડામાં હતાશા વ્યાપી છે. મેઘરાજાની પધરામણી માટે વરૂણદેવને મનાવવા ચિલોડા ગામના રામજી મંદિરમાં રામધૂન અને ઉજાણીનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ ગામની ભાવિક મહિલાઓએ ચિલોડા ગામની શેરી અને ઘરે-ઘરે ફરીને ઈન્દ્રદેવને મનાવવા માટે માથે મેહુલીયો કાઢીને ભજન-કિર્તન કર્યા હતા. આ સાથે ગામના લોકોએ યથા શક્તિ પશુ અને પક્ષીઓને દાણા દાન કર્યા હતા.

## ઈન્કમટેક્ષ ઓવરબ્રીજમાંથી ગાંધીજીની પ્રતિમા પર પાણીનો ધોધ પડતા આક્રોશ

અમદાવાદ શહેરમાં નવા બનેલા ઈન્કમટેક્ષ બ્રીજની નીચે આવેલી ગાંધીજીની પ્રતિમા પર પાણીનો ધધૂડો પડતા અમદાવાદીઓ ખાસ કરીને ગાંધી પ્રેમી જનતામાં ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠયો છે. આ સમગ્ર પ્રકરણમાં અમ્યુકો તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. સોશિયલ મીડિયા પર આ અંગેનો વીડિયો વાયરલ થતાં શહેરીજનોમાં તંત્રની બેદરકારી સામે ભારોભાર આક્રોશ જોવા મળી રહ્યો હતો કારણ કે, બાપુની વર્ષો જૂની પ્રતિમાના આવા હાલને લઈ લોકોની લાગણી દુભાઈ હતી. વિવાદ વકરતાં આજે કોર્પોરેશન ઘોડા વછૂટી ગયા બાદ તબેલાને તાળા મારવા નીકળ્યું હતું. કોર્પોરેશને આજે ફલાય ઓવરના વરસાદી પાઈપનું રિપરિંગ કામ શરૂ કર્યુંછે. પરંતુ પીએમ મોદીના પ્રિય બાપુની પ્રતિમાનું ધોવાણ થયું હોવા છતાં ભાજપ શાસિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉંઘતું ઝડપાયુ છે. તો બીજી તરફ પ્રિયંકા ગાંધીના સમર્થનમાં ધરણાં કરનારી ગુજરાત કોંગ્રેસ મહાત્મા ગાંધીને ભૂલી ગઈ હોય એવું ચિત્ર સામે આવ્યું હતુ. બંને રાજકીય પક્ષોની ચૂપકીદીને લઈને પણ નગરજનોએ નારાજગી વ્યકત કરી હતી.

## જાહેર સુચના

**પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, ‘બી’ બ્લોક, પહેલો માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૨૫૫)ની કચેરીએથી ગાંધીનગર શહેરમાં (૧) સેક્ટર નં. ૧૧માં ‘ચ-૩’ પાસેનું ખૂણા પરનું મેદાન, (૨) સેક્ટર નં. ૧૧, શાલીન કોમ્પલેક્ષ સામેનું મેદાન, (૩) સેક્ટર નં. ૬/ડી ખાતેનું પેટ્રોલ પંપ પાસેની ખુલ્લી સરકારી જમીન નવરાત્રિ મહોત્સવ-૨૦૧૯ માટે સરકારશ્રી નક્કી કરે તે મુજબના નિયત ભાડાથી ટુંકી મુદત માટે ભાડેથી આપવા માટે ગાંધીનગરમાં નોંધાયેલ અને રહેતા રસ ધરાવતી સંસ્થાઓ / અરજદારો પાસેથી તા. ૩/૮/૨૦૧૯ સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવે છે. સદર અરજીના કવર પર જે સ્થળની જમીન માંગવામાં આવેલ હોય તેનું ‘સેક્ટર નં. .................. ના મેદાનની નવરાત્રિ મહોત્સવ-૨૦૧૯ની અરજી’ એમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. શક્ય હશે તો આવેલ અરજીઓ તા. ૫/૮/૨૦૧૯ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે હાજર રહેલ અરજી કરનાર સંસ્થા / વ્યક્તિના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. એક જ સ્થળ માટે એક કરતા વધુ અરજીઓ આવશે તો તે જ દિવસે બપોરના ૧૨:૩૦ કલાકે જ ડ્રો પણ કરવામાં આવશે.

અરજદાર સંસ્થા / વ્યક્તિએ બાનાની રકમ રૂ. ૨૫૦૦૦.૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ની કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગરના નામની રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. બાનાની રકમ (એફ.ડી.આર.) સિવાયની અરજી ડ્રો / ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહી. જે વ્યક્તિ / સંસ્થાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે. તેની બાનાની લરકમ તરીકે આપેલ રૂ. ૨૫૦૦૦.૦૦ એફડીઆર જામીન અનામતમાં રૂપાંતરિત થશે અને અત્રે જમા રાખવામાં આવશે.

ઉપર દર્શાવેલ સ્થળનો વિસ્તાર તેમજ નિયમોની વિગતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. એક વ્યક્તિ / સંસ્થા તમામ સ્થળ માટે અરજી કરી શકશે પરંતુ ફાળવણી એક જ સ્થળની કરવામાં આવશે અને ડ્રોમાં એક કરતાં વધુ સ્થળ લાગશે તો ગમે તે એક સ્થળની પસંદગી કરી તુરત જ લેખિત સંમતિપત્ર આપવાનો રહેશે.

તો રસ ધરાવતી ગાંધીનગર શહેરના અરજદારો / સ્થાઓએ કચેરીના ચાલુ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવા વિનંતી.

**માહિતી/૭૦૧/૧૯-૨૦**



છેલ્લા ૩૬ વર્ષથી વધુ સમયથી બેંકને સેવા આપનાર ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.ના નિવૃત્ત જનરલ મેનેજર હરેશભાઈ એ. પંચાલ બેંકમાંથી નિવૃત્ત થતાં બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ અને બેંકના પદાધિકારીઓ દ્વારા તેમને મોમેન્ટો તથા સન્માનપત્ર આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## સૌરાષ્ટ્રમાં સતત વરસાદથી બેના મોત

અમદાવાદ, તા. ૨૩

સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં આજે સતત ત્રીજા દિવસે પણ વરસાદી માહોલ રહેતા લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. સૌથી વધુ તલાલામાં કલાકોના ગાળામાં જ ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. રાજકોટમાં હોર્ડિંગ્સ પડવાથી એકનું મોત થયું હતું જ્યારે હાપામાં વિજળી પડવાથી એકનું મોત થયું હોવાના અહેવાલ મળ્યા છે. બંગાળના અખાતમાં સર્જાયેલા અપર એર સાયકલોનિક સરક્યુલેશનના પરિણામ સ્વરુપે ગુજરાતમાં આગામી ચાર દિવસ દરમિયાન સાર્વત્રિક વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વરસાદ પડી રહ્યો છે. ટુંકા બ્રેક બાદ વધારે વરસાદ પડી શકે છે. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ ગીર પંથક સહિત સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. ગીરગઢડા વિસ્તારમાં સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ વરસાદી માહોલ જામ્યો છે. ગીરગઢડામાં કલાકોના ગાળામાં જ ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો જ્યારે તલાલામાં ચાર ઈંચ વરસાદથી અનેક જગ્યાઓએ પાણી ભરાયા હતા. ગીરગઢડામાં ભારે વરસાદના લીધે રુપેણ નદીમાં ઘોડાપૂર આવ્યા છે. અન્ય મોટી નદીઓમાં પણ પાણીની આવક વધી ગઈ છે. જૂનાગઢમાં ધોધમાર વરસાદ પડતા રસ્તા પર પાણી ભરાયા હતા. જામનગરના હાપામાં વિજળી પડતા એકનું મોત થયું છે. વિજળી પડવાની ઘટનામાં મૃત્યુ પામનારની ઓળખ કરી લેવામાં આવી છે. ૧૫ વર્ષના ગૌત્તમ પરમારનું મોત થયું છે. આવી જ રીતે વરસાદી માહોલ વચ્ચે જોરદાર પવનના લીધે રાજકોટના જુના માર્કેટ યાર્ડમાં હોર્ડિંગ્સ ધરાશાયી થતાં એકનું મોત થયું છે. અમરેલી જિલ્લામાં પણ આજે સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ રહ્યો હતો. ધારીના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે.